ગાંધીનગર સમાચાર

સફાઈ બાબતે ગાંધીનગર દેશમાં ૩૧૦મા ક્રમે ધકેલાયું

નવનિર્માણ અને અનામત આંદોલને ગુજરાતના બે સી.એમ. છિનવી લીધા છે

નાના રાજ્યો પછી કેરાલા, તામિલનાડુ અને બિહાર ગુજરાતના પંથે છે

ગુજરાત એ આંદોલનોની ભૂમિ છે. સ્વાતંત્ર્ય જોડાયા હતા. અનામત આંદોલનના કારણે ૧૪૯

સંગ્રામના આંદોલનોને લોકોનો પવન મળ્યો હતો. ગાંધીજીએ દેશને આઝાદી અપાવી એ મુખ્ય આંદોલન દાંડી કૂચ તો ગુજરાતની દેન હતી. તેની જેમ ખેડા સત્યાગ્રહ અને મહાગુજરાત આંદોલન એ ગુજરાતની ભૂમિના સાક્ષી છે. નવનિર્માણ આંદોલને તો ગુજરાતમાં પ્રથમવાર સત્તા પલટી નાંખી હતી. ૧૯૭૪ના એ દિવસો રાજકીય નેતાઓ કદી નહીં ભૂલે. એ સમયના ગુજરાતના આંદોલન પરથી પ્રેરણા લઈને જયપ્રકાશ નારાયણ એ બિહારમા

કેશુભાઈને મેદાનમાં ઉતારો, વિઠ્ઠલ રાદડિયાનો પણ ઉપયોગ કરી જૂઓ

પાટીદાર રેલીમાં ૪૦ લાખ ભેગા કરવા એ કોંગ્રેસી નેતાની હિંમત નથી

બેઠકોની વિધાનસભા હેન્ડલ કરતા માધવસિંહને પ્રજાએ હટાવ્યા હતા. ગુજરાતમાં આજે પાટીદાર આંદોલન ચાલી રહ્યું છે ત્યારે નવનિર્માણ

આંદોલન શરૂ કર્યું હતું અને સૂત્ર હતું કે "હમ ગુજરાત સે આયે હૈ નવનિર્માણ લાયે હૈ, હમને ચીમન પટેલ કો હટાયા હૈ તો ગફુર ક્યા ચીજ હૈ (તે સમયે બિહારમાં અબ્દુલ ગફુરની સરકાર હતી). ૧૯૮૫માં કોંગ્રેસની માધવસિંહ સોલંકીની સરકાર હતી ત્યારે સરકારે બક્ષીપંચની જ્ઞાતિઓ માટે ૨૭ ટકા અનામત જાહેર કરી હતી ત્યારે તે સમયે ભાજપના નેતાઓ પણ અનામત આંદોલનમાં આંદોલનને કેટલાક રાજકીય નેતાઓ યાદ કરે છે. સરકારની મૂંઝવણ વધી છે, પાટીદાર નેતાઓ સાથે સમાધાન શોધે છે...

શરાબ પ્રતિબંધ ગુજરાત મોડલ અપનાવો ...

શું ભારતના રાજ્યોમાં નશાબંધી કાનૂન લાગુ પડી શકે છે?!... તેવો પ્રશ્ન કોઈ પૂછે તો તેના જવાબમાં દેશના મોટાભાગના રાજ્યો રાજી છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરના નવા સેકટરોમાં પાણી પુરવઠો ખોરવાયો

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં આજે સરિતા ઉધાનના પમ્પીંગ સ્ટેશનના મેઈન ફીડરમાં ફોલ્ટ થતા સવારે નવા સેકટરોમાં પાણી પુરવઠો ખોરવાઈ ગયો હતો. જેના પરિણામે સવારે નિયત સમયે પાણી ન આવતા રજાના દિવસે ગૃહીણીઓમાં ક્કળાટ પ્રવર્તયો હતો.જો કે બે કલાકના અંતે તંત્ર દ્વારા ધીમા ફોર્સથી બપોરે ૧૨ વાગ્યા સુધી પાણીનો સપ્લાય આપવામાં આવતા નગરજનોની હાલાકીનો અંત આવ્યો હતો. મોડી સાંજ સુધી પણ ઈલેકટ્રીક ફોલ્ટનુ નિરાકરણ આવ્યુ ન હતુ. જેના પરિણામે સોમવારે સવારે પણ પુરતા ફોર્સથી પાણી ન મળી શકે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં છેલ્લા એક મહિનામાં બે વાર પાણી પુરવઠો ખોરવાતા નગરજનોને પાણી માટે વલખા મારવાનો વારો આવ્યો હતો. ગત મહિના દરમિયાન તોફાની વરસાદમાં નભોઈ પમ્પીંગ સ્ટેશનમાં વિજ પુરવઠો ખોરવાતા સમગ્ર શહેરમાં પાણી પુરવઠો ખોરવાયો હતો. વરસાદી વાયરના લીધે વૃક્ષો ધરાશાયી થતા વિજ થાંભલાઓને નુકશાન પહોંચતા પમ્પીંગ સ્ટેશનને વિજ સ્પલાય મળતો બંધ થઈ જતા સમસ્યા ઉદભવી હતી. જયારે આજે પણ સરિતામાં મેઈન ફીડરમાં ટેકનિકલ ખામી સર્જાતા ટ્રીપીંગ થવાના લીધે પાણીની બે પૈકી એક મોટર ચાલુ થઈ શકી ન હતી. જેના પરિણામે સવારે ૬ થી ૮:૩૦ ના સમયગાળા દરમિયાન અપાતો પાણીનો સપ્લાય આપી શકાયો ન હતો. શહેરના નવા સેકટરોમાં

સરિતા ઉધાનમાં મેઇન ફીડરમાં ટેકનિકલ ખામી સર્જાતા મોટર ચાલુ ન થઇ : આખરે ૯ વાગે ધીમા ફોર્સથી પાણી અપાયુ : આજે પણ ધીમા ફોર્સથી પાણી આવે તેવી સંભાવના

● અનુસંધાન પાન-૭ પર

સાયકલ ચેલેન્જ રેસ - ગાંધીનગરમાં યોજાયેલ સાયકલ ચેલેન્જ રેસમાં ૨૩૦ બાળકોએ ભાગ લીધો હતો... જી-૩ સાયકલ ક્લબ દ્વારા ઈકોફ્રેન્ડલી વાહનના ઉપયોગ વધારવાના હેતુસર યોજાતી વિવિધ પ્રવૃત્તિઓમાં ૧૩-૧૫ વર્ષની વયના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની ● વિગતો-૩જા પાને)

પૂર્વ ધારાસભ્યોને પેન્શન માટે નેશનલ કાઉન્સીલે ઝુકાવતાં સરકાર પર દબાણ વધ્યુ

મુખ્યમંત્રીશ્રી અને સરકારમાં ધ્યાન દોરીશ તેમજ સરકાર ખુલ્લા મને આ બાબત પર વિચારણા કરશે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૯

દેશભરમાં ગુજરાત વિકાસ મોડેલની વાત થઈ રહી છે ત્યારે દેશના અન્ય રાજ્યોની જેમ ગુજરાતના પૂર્વ ધારાસભ્યોને પેન્શન અને અન્ય સવલતો મળવી જોઈએ તેવી વાતો પૂર્વ ધારાસભ્યોના રાષ્ટ્રીય અધિવેશનમાં કહી પડોશી રાજ્યોએ સરકાર પર રાજકીય દબાણ બનાવ્યુ છે.

પૂર્વ ધારાસભ્યોને પેન્શન અને અન્ય સવલતો માટે અગાઉ ૧૦૦થી વધુ પૂર્વ ધારાસભ્યો સરકારને પત્ર પણ લખી ચુક્યા છે.

આજે ગાંધીનગર ટાઉનહોલમાં યોજાયેલ અધિવેશનમાં રાજસ્થાનના હરિઓમસિંહે આ મુદ્દો તેમના

● અનુસંધાન પાન-૭ પર

સફાઈ બાબતે ગાંધીનગર દેશમાં ૩૧૦મા ક્રમે ધકેલાયું

ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવેલા સર્વેમાં ગાંધીનગરની ગંદકી સામે આવી

ગાંધીનગર, તા. ૯

આપણે ભલે ગાંધીનગરને ગ્રીનસીટી, સ્વચ્છસીટી કહી અવારનવાર ગર્વ લેતા હોઈએ પરંતુ હકીકત એ છે કે દેશના ૪૭૬ શહેરોના કરવામાં આવેલા રાષ્ટ્રીયસ્તરના સર્વેમાં ગાંધીનગરને ભારે નાલેશીનો સામનો કરવો પડે તેવો રીપોર્ટ આવ્યો છે. સફાઈ મુદ્દે ગાંધીનગર છેક ૩૧૦મા ક્રમે આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર
અને
ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી,
ગાંધીનગર
પ્રસ્તુત કરે છે
પ્રદર્શન
ભારતમાં આફ્રીકનો : પુનઃ સંશોધન
૧૦ ઓગસ્ટ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમિયાન
સમય : સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા દરમિયાન
પ્રથમ માળ, ધી ઈન્ડિયન લીગલ હીસ્ટ્રી મ્યુઝીયમ
ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, અક્ષ્રાલીકા એવેન્યુ,
નોલેજ કોરીડોર, કોબા, ગાંધીનગર - ૩૮૨૦૦૭
સંપર્ક : ૦૭૯-૨૩૨૭૬૬૧૧, ૨૩૨૭૬૬૧૨
Email : inahakpam@gnlu.ac.in
Website : www.gnlu.ac.in
IGNCAની વધુ માહિતી માટે : Website : www.gnlu.ac.in
email : igncakaldarshana@gmail.com
ફેસબુક પર અમને ફોલો કરો : www.facebook.com/IGNCA,
Twitter : @igncа
RSVP : +91-11-23388155 (9:30 a.m. to 5:30 p.m.)

ગુજરાત પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ તરીકે દિગ્વિજયસિંહનો વિજય

મહામંત્રી તરીકે બાયડ તાલુકાના સતીષ પટેલ : ૪૬૩ પૈકી ૪૫૯એ મતદાન કર્યુ : ચાણક્ય ભવનમાં ચુંટણી બાદ પરિણામ જાહેર થતા સમર્થકો ગેલમાં

(તસવીર : સમીર બલોચ)

ગાંધીનગર તા ૯

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ તેમજ મહામંત્રીપદ માટે આજે રસાકસી ભરી ચુંટણી યોજવામાં આવી હતી.જેમાં પ્રમુખ તરીકે જામનગરના દિગ્વિજયસિંહ જાડેજાનો ૪૫ મતે વિજય થયો હતો. જયારે મહામંત્રી પદે અરવલ્લી જિલ્લાના સતીષભાઈ પટેલ વિજયી બન્યા હતા. ગાંધીનગર ચાણક્ય ભવન ખાતે યોજાયેલી ચુંટણી પ્રક્રીયાનુ પરિણામ જાહેર થતા સમર્થકોમાં ઉત્સાહની લાગણી છવાઈ ગઈ હતી.

ગુજરાત પ્રાથમિક શિક્ષક સંઘના હોદેદારોની મુદત પુરી થતા આજે ચુંટણી પ્રક્રીયા યોજવામાં આવી હતી.જેમાં પ્રમુખ તરીકે ગીર સોમનાથના રામસિંહ ટીપાણીયા તેમજ જામનગરના દિગ્વિજયસિંહ જાડેજાએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં દિગ્વિજયસિંહનો ૪૫ મતે વિજય થયો હતો.

જયારે મહામંત્રીપદ માટે સાબરકાંઠના ગીરશભાઈ પટેલ તેમજ અરવલ્લી જિલ્લાના સતીષ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ચુંટણી પ્રક્રીયાના અંતે સતીષભાઈ પટેલને ૨૮ મતે વિજયી જાહેર કરવામાં આવ્યા હતા. ગુજરાત પ્રાથમિક શિક્ષણ સંઘના પદાધિકારીઓની ચુંટણી સંદર્ભે ગાંધીનગરમાં ચાણક્ય ભવન ખાતે મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. સવારે ૯ થી ૨ વાગ્યાના મતદાન બાદ બપોરે ૩ કલાકે મતગણતરી હાથ ધરાઈ હતી. જેના અંતે પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. પ્રાથમિક શિક્ષણ સંઘના કારોબારીના ૪૬૩ મતદારો પૈકી ૪૫૯ એ મતદાન કર્યુ હતુ. એક કલાકની મતગણતરી બાદ રસાકસી ભરી ચુંટણીનુ પરિણામ જાહેર થતા વિજયી ઉમેદવારોના સમર્થકોમાં ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ હતુ.ચુંટણી પરિણામ બાદ સમર્થકોએ ગુલાલની છોળો ઉડાડી આંતશબાજી કરીને જીતની ખુશી વ્યક્ત કરી હતી.

રખડતા ઢોરોની સમસ્યાથી વાહનચાલકો પરેશાન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં રખડતા ઢોરોની સમસ્યાએ પુનઃ માથુ ઉંચક્યું છે. વરસાદના કારણે ઠેર ઠેર ઉગી નીકળેલી વનસ્પતિ અને ઘાસચારો આરોગવા પશુપાલકો પોતાના પશુઓને છુટ્ટા મુકી દેતા હોવાથી પશુઓ જાહેર માર્ગો પર જ અડ્ડો જમાવીને બેસી જાય છે. જે વાહનચાલકો માટે નડતરરૂપ બને છે.

પશુપાલકો પોતાના પશુઓને ખુલ્લામાં રખડતા મુકી દેતા હોવાથી તેઓ ટ્રાફીકને અડચણરૂપ બને છે

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરમાં રખડતા ઢોરોની સમસ્યા વર્ષો જુની છે. શહેરમાં રખડતા ઢોર, કુતરા પકડવાની કોઈ કાયમી વ્યવસ્થા ન હોવાથી શહેરમાં ઠેર ઠેર રખડતા ઢોરો જોવા મળી જાય છે. ચોમાસા બાદ આ સમસ્યા વધુ ગહન બની છે. વરસાદ બાદ શહેરમાં સરસ મજાનું ઘાસ અને વનસ્પતિ ઉગી નીકળ્યા છે. આ લીલો ઘાસચારો ગાય ભેંસ ચરી શકે તે માટે પશુપાલકો દિવસ દરમ્યાન પોતાના માલઢોરને છુટ્ટા મુકી દે છે. આ રખડતા ઢોર શહેરના મુખ્ય માર્ગો પર જ અડીંગો જમાવીને બેસી જાય છે. શહેરમાં ક્યાંય પણ નજર કરો આ રખડતા ઢોર ચોક્કસ જોવા મળી જાય છે. ખાસ કરીને સેક્ટર-૨૧, સેક્ટર-૨૪ના શાકમાર્કેટની આસપાસ તથા મુખ્ય માર્ગોની વચ્ચોવચ રખડતા ઢોરો જાણે અડ્ડો જમાવીને બેસી જાય છે. શહેરમાં ઠેર ઠેર રખડતા ગાય, ભેંસ અને આખલા વાહનચાલકો અને રાહદારીઓને અવારનવાર અડફેટે લે છે. ટ્રાફીક માટે પણ મુખ્ય માર્ગો પર અડીંગો જમાવીને બેઠેલા આવા ઢોર અવારનવાર અડચણરૂપ બને છે. ઢોરોને છુટ્ટા મુકી દેતાં પશુપાલકો પાસેથી મનપા દંડ ઉઘરાવે તો આ સમસ્યાનો થોડાઘણા અંશે નિકાલ આવી શકે તેમ છે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
મમ્મી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

જોઈએ છે
• LED TV • LCD TV • Colour TV
જુના બંધ હાલતમાં
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com